Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# વિશ્વશાંતિ સ્થાપવામાં સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકા અને ભારતનો અભિગમ

ડો.અશોકકુમાર બી.પુરોહિત

રાજ્યશાસ્ત્ર વિભાગ,

એમ.એ.પરીખ ફાઇન આર્ટસ એન્ડ આર્ટસ કોલેજ,પાલનપુર

પ્રસ્તાવના:

દ્વિતિય વિશ્વ વિગ્રહની વિનાશક અને ભયાનક છબી જોઈને વિશ્વ સ્તબ્ધ થઈ ગયું હતું. પ્રથમ વિશ્વ યુધ્ધના અંતે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી હતી. પરંતુ રાષ્ટ્રસંઘ તેના મુખ્ય ઉદ્દેશો સિધ્ધ કરવામાં નિષ્ફળ નિવડ્યું.આમછતાં વિશ્વના કેટલાક ડાહ્યા માણસોએ રાષ્ટ્રસંઘની નિષ્ફળતાથી નિરાશ થયા વિના તેની હતાશા માંથી બહાર આવીને પુનઃ વિશ્વશાંતિ અને સહ-અસ્તિત્વના માર્ગે આગળ ધપવા ૨૪, ઓક્ટોબર ૧૯૪૫ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના કરી. વિશ્વમાં શાંતિ, સલામતી, સહકાર, આર્થિક અને સામાજિક વિકાસ, માનવ અધિકારોનું જતન જેવા ઉમદા ઉદ્દેશ્યોને સિધ્ધ કરવા સ્થાપવામાં આવેલી આ સંસ્થાએ માનવજાતની મહાન સેવા કરી છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી સ્થાપીને રાષ્ટ્રો વચ્ચે પરસ્પર સહકાર અને સહાયતા સ્થાપવા, જાળવવા અને રાષ્ટ્રો સમક્ષ ઉપસ્થિત થતા પ્રશ્નોને યુધ્ધના મેદાનમાં નહિ પણ ચર્ચા સભાના ટેબલ પર ઉકેલવાના તેના આગ્રહને લીધેજ વિશ્વ આજપર્યંત ત્રીજા વિશ્વ યુધ્ધની હોનારતથી દૂર રહી શક્યું છે. પ્રસ્તુત લેખમાં બીજા વિશ્વ યુધ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વમાં શાંતિ જાળવવા માટે લેવામાં આવેલા લશ્કરી

પગલાં, શાંતિ નિરીક્ષણ મિશન, પ્રથમ પેઢીના અને બીજી પેઢીના શાંતિ જાળવવા પગલાં તેમજ તેમાં ભારતની ભૂમિકાની છણાવટ કરવામાં આવી છે.

## સલામતી સમિતિની રચના,સ્થાન અને ભૂમિકા :

સલામતી સમિતિ સત્તા અને કાર્યવાહીની દ્રષ્ટિએ યુ.એન.(United Nations)નું મહત્વનું અંગ છે. સલામતી સમિતિ કુલ ૫ કાયમી સભ્યો અને ૧૦ બિનકાયમી સભ્યો એમ કુલ ૧૫ સભ્યોની બનેલી છે. યુ.એસ., રશિયા, ચીન. ફ્રાંસ અને બ્રિટન તેના કાયમી સભ્ય દેશો છે. જ્યારે બાકીના ૧૦ બિનકાયમી સભ્યો બે વર્ષ માટે સામાન્ય સભા દ્વારા ચૂંટાય છે. કાયમી સભ્ય દેશોને નિષેધાત્મક મત(Veto) આપવાનો અધિકાર છે. વિશ્વમાં શાંતિ અને સલામતી સ્થાપવા અને જાળવવામાં સલામતી સમિતિની ભૂમિકા ખૂબજ નિર્ણાયક અને નોંધપાત્ર રહી છે.

આંતર રાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાની સ્થાપનાની દ્રષ્ટિએ સલામતી સમિતિને વ્યાપક સતાઓ આપવામાં આવી છે.તે માટે બધા જ સભ્ય દેશોએ સલામતી સમિતિના નિર્ણયોને માન્ય રાખવાની અને તેનો અમલ કરવાની સંમતિ આપી છે.આ સમિતિને શાંતિમય ઉકેલના માર્ગો અને રીતોની ભલામણ કરવાનો તેમજ કેટલાક સંજોગોમાં આવા સમાધાનની ચોક્કસ શરતોની ભલામણ કરવાનો અધિકાર છે.તે જ રીતે આંતર રાષ્ટ્રીય શાંતિ સામે ભય ઉપસ્થિત થાય અથવા તો આંતર રાષ્ટ્રીય શાંતિનો ભંગ થાય કે આક્રમણનો બનાવ બને તો તેવા સંજોગોમાં સલામતી સમિતિને આંતર રાષ્ટ્રીય શાંતિ અને સલામતીની પુન:સ્થાપના માટે જરૂરી પગલાં લેવાની સતા છે.તે અમલી કાર્યવાહી(Enforcement actions) દ્વારા સંદેશાવ્યવહાર બંધ કરી દેવા,આર્થિક અને રાજદ્વારી સંબંધો તોડી નાખવાના પગલાં ઉપરાંત જળ,સ્થળ અને વાયુ માર્ગો દ્વારા કાર્યવાહી કરવાની પણ છૂટ છે.યુ.એન.ખતપત્રના અનુચ્છેદ ૪૩ મુજબ તેને આંતર રાષ્ટ્રીય સેના તૈયાર કરવાનો પણ અધિકાર છે અને આ પ્રયોગ ઘણી વખત કરવામાં આવ્યો છે.

આપણે અત્રે એ નોંધવું ઘટે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાસ કરીને વીટોના દુરઉપયોગનું રંગમંચ બની ગયું છે.સલામતી સમિતિના કાયમી સભ્ય દેશો પોતાને ગેરલાભ કરતી

બાબત વીટોના પ્રયોગથી અસામાન્ય બનાવી દે છે.૧૯૪૭ થી ૧૯૯૦ સુધી અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે ઠંડુયુધ્ધ ચાલતું હતું ત્યારે સલામતી સમિતિને એનફોર્સમેન્ટ એક્શનના સંદર્ભમાં લકવાગ્રસ્ત બનાવવાના પ્રયત્નો બન્ને મહાસતાઓ દ્વારા કરવામાં આવ્યા હતા.અત્યારે ભારત સલામતી સમિતિમાં કાયમી સભ્ય માટે પ્રયત્ન કરી રહ્યું છે તો બીજી બાજુ બ્રાઝિલ,જાપાન અને જર્મની કાયમી સભ્યપદ માટે પ્રબળ દાવેદાર બન્યા છે.

અત્યાર સુધિ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બે વખત મોટા પાયા પર લશ્કરી પગલાં હાથ ધરવામાં આવ્યા છે.૧૯૫૦માં ઉતર કોરિયા સામે અને ૧૯૯૧માં ઇરાક સામે કુવૈત કટોકટીના કારણે યુનોને લશ્કરી પગલાં લેવાની ફરજ પડી છે.આ ઉપરાંત સલામતી સમિતિએ

કોંગો,અંગોલા,મોઝામ્બિક,સોમાલિયા,લાઇબેરિઆ,રવાંડા,સીરિયા,બુરુંડી,સુદાન,હૈતિ ,કંબોડિયા,અફ્ગાનિસ્તાન વગેરે દેશોમાં શાંતિ સ્થાપવા અને જાળવવામાં મહ્ત્વની ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

સલામતી સમિતિ વિશ્વ શાંતિ માટે સક્રિય રીતે પ્રયત્નશીલ હોવા છતાં અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે ચાલેલા ઠંડાયુધ્ધના સંઘર્ષમય સમયગાળા દરમિયાન સલામતી સમિતિને પોતાની અપેક્ષિત ભૂમિકા ભજવવા મોટા પડકારનો સામનો કરવો પડ્યો.જ્યારે યુનોની સ્થાપના કરવામાં આવી ત્યારે સલામતી સમિતિ પાસે વિશ્વશાંતિ અને સલામતી માટે જરૂરી પગલાં લેશે તેવી અપેક્ષા હતી.પરંતુ શીતયુધ્ધને કારણે તેમ બની શક્યું નહિ અને તે ચર્ચાનો મુદ્દો પણ બન્યો.જો શીતયુધ્ધને લીધે સલામતી સમિતિ લકવાગ્રસ્ત થઇ ગઇ હોય તો શું શાંતિ માટે યુનો કશું નહિ કરી શકે તેવી ચિંતા અને દ્વિધા ઉભી થઇ.ત્યારબાદ મથામણના અંતે શાંતિ નિરીક્ષણ મિશન(Peace Observation Missions,પહેલી પેઢીના શાંતિ જાળવવાના પગલાં(First Generation Peace Keeping Operations) અને બીજી પેઢીના શાંતિ જાળવવાના પગલાં(Second Generation Peace Keeping Operations) નો જન્મ થયો.

**વિશ્વશાંતિ જાળવવામાં ભારતનો અભિગમ**

વિશ્વશાંતિ જાળવવા માટે ભારતનો અભિગમ કેવો રહ્યો છે, ભારતનું વલણ એકંદરે યુનોમાં કેવું રહ્યું, ઠંડાયુધ્ધના સમય દરમિયાન અને ઠંડા યુધ્ધના અંત પછી ભારતનું વલણ કેવું રહ્યું છે તે બધાંની ચર્ચા પ્રસ્તુત લેખાશે.

બીજા વિશ્વ યુધ્ધ પછી ૧૯૪૫માં જ્યારે વિશ્વમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુસર જ્યારે યુનોની સ્થાપના કરવામાં આવી ત્યારે આપણા તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેને આવકારી હતી. નહેરૂ માનતા હતાં કે તે સામૂહિક સલામતીના સિધ્ધાંતને રજૂ કરે છે. પરંતુ યુનોની નબળાઈઓ વિશે નહેરૂ અજાણ હતાં તેવું પણ ન હતું. રાષ્ટ્રસંઘ વિશે પણ નહેરૂ માનતા હતાં કે તે મહાસત્તઓનું સાધન બની ગયું છે. યુનોની સ્થાપના થઈ ત્યારે તેમાં પાંચ મહાસત્તાઓ અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ અને ચીનને કાયમી સભ્યપદ અને વિટોની સત્તા આપવામાં આવી હતી. આ જ વીટોના દૂરૂપયોગને કારણે યુનો જે દેશ આક્રમણ કરે તેની સામે પોતાની સલામતી સમિતિ દ્વારા લશ્કરી પગલાં લઈ શક્યું નથી. જેમ જેમ અનુભવ થવાં લાગ્યાં તેમ લોકોને લાગ્યું કે યુનો અને તેનું અગત્યનું અંગ સલામતી સમિતિ કોઇ પગલાં લઈ શકશે નહિ. બીજા વિશ્વયુધ્ધ પછી વિશ્વ બે મહાસત્તાઓમાં વહેચાઈ ગયું હતું અને બંને જૂથો વચ્ચે ઠંડુયુધ્ધ પ્રવર્તતું હતું. શીત યુધ્ધમાં સલામતી સમિતિ તો કંઈ કરી શકે તેમ ન હતી પરંતુ મહાસભા પણ કંઈ કરી શકે તેમ ન હતી. મહાસભા લશ્કરી પગલાં દ્વારા અમેરિકા કે રશિયાના મિત્ર સાથે કોઈ પગલું ભરે તો વિશ્વ યુધ્ધ થઈ જાય તેમ હતું. આથી એવું મનાવા લાગ્યું કે યુનો એ લશ્કરી પગલું લેનાર સંસ્થા જ નથી. આથી બે પ્રશ્નો ઉભાં થયાં. (૧) યુનો કોઈ લશ્કરી પગલું લઈ શકે તેમ નથી અને (૨) સંઘર્ષને યુનો મર્યાદિત કરે, યુનો બે લડતા દેશોને અટકાવી પોતાની હાજરીથી શાંતિ જાળવે. આના પરથી આપણે કહી શકીએ કે આજના શાંતિ જાળવવાના પગલાં (peace keeping action)નો યુનો દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો.૧૯૯૦ પછી

ઠંડાયુધ્ધનો અંત આવ્યો છે. હજૂ પણ શીત યુધ્ધના અંત પછી પણ વિશ્વના દેશોમાં સંઘર્ષો તો ચાલુ જ છે. આથી વિશ્વમાં શાંતિ જાળવવા યુનો દ્વારા પગલાં લેવાનું તો ચાલુ જ રહેશે અને તેનો અંત આવે તેમ લાગતું નથી.

નહેરૂ માનતા હતાં કે યુનો શાંતિ માટે પગલાં લેવાનું સંગઠન છે નહિ કે લશ્કરી પગલાં લેવાનું, ભારત અને તેના વડાપ્રધાન નહેરૂએ સલામતી સમિતિમાં આપવામાં આવેલા વીટોનો સ્વીકાર કર્યો હતો. નહેરૂ માનતા હતા કે વીટો સત્તા આપવામાં ન આવે તો મોટી સત્તાઓ દ્વારા જ યુધ્ધ થાય તે યોગ્ય ન હતું.

ભારત માનતું હતું કે યુનોએ લશ્કરી પ્રવૃત્તિઓ કરવી જોઈએ નહિ. યુનો દ્વારા કરવામાં આવતાં શાંતિ જાળવવા માટેના પગલાં પણ એક પ્રકારની અમુક પ્રમાણમાં લશ્કરી પ્રવૃત્તિ જ છે. એકંદરે આ શાંતિ રક્ષક દળનો વિચાર યોગ્ય નથી. નહેરૂ અને તેમના સંરક્ષણનીતિના સલાહકાર કૃષ્ણ મેમન તેમજ અન્ય કેટલાંક નેતાઓએ જુદા જુદા પ્રાદેશિક વાતવરણ (domestic environment)ને જાળવી રાખવાનો આગ્રહ રાખ્યો હતો.ભારતે કાશ્મીર,હંગેરી જેવામાં લોકમત લેવામાં આવે તેનો પણ વિરોધ કર્યો હતો.આમ છતાં ભારતે શાંતિ રક્ષક પગલાં માટે સૈનિકો આપેલા જ છે.આમ છતાં યુનોની બધી જ આ પ્રકારની પ્રવૃતિઓને ભારતે આંધળો ટેકો આપ્યો નથી તે પણ હકીકત છે.

૧૯૮૫થી શીતયુધ્ધના અંતની શરૂઆત થઇ અને ૧૯૮૯માં સ્થિર થઇ ત્યારબાદ યુનો દ્વારા શાંતિ જાળવવા માટે એક નવા જ પ્રકારના અભિગમની શરૂઆત કરવામાં આવી છે.જેને બીજી પેઢીના શાંતિ જાળવવાના પગલાં(Second Generation Peace Keeping Operations ) તરીકે ઓળખવામાં આવે છે.ભારતનું વલણ બીજી પેઢીના શાંતિ જાળવવાના પગલાં પ્રત્યે બહુ વિધેયાત્મક ન હતું.ભારત આવા પગલાંની તરફેણ કરતું નથી.કારણ કે તે લગભગ લશ્કરી પગલાં(Enforcement action) જેવા જ થઇ જાય છે.

બીજી પેઢીના પગલાંઓ દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ જેવી કે ચૂંટણી,લોકમત,કામચલાઉ વહીવટ કરવો વગેરે હાથ ધરવામાં આવે છે.ભારતના મતે યુનોએ આ બધા કામો ન કરવા જોઇએ.આજના યુનો પર સલામતી સમિતિનું વર્ચસ્વ છે.,સલામતી સમિતિ પર મહાસતાઓનું વર્ચસ્વ છે,તેમાં કાયમી સભ્યો અને વીટોનું વર્ચસ્વ છે.આથી ભારત કહે છે કે સલામતી સમિતિની રચના બદલવી જોઇએ. સલામતી સમિતિ અને તેના કાર્યોને વિશ્વમતનું સમર્થન મળવું જોઇએ.

ભારત માને છે કે યુનોએ કોઇ દેશના આંતરિક માળખાં અને મામલામાં દરમિયાનગીરી ન કરવી જોઇએ.આમ છતાં ભારતે કેટલાક પ્રમાણમાં બીજી પેઢીના લશ્કરી પગલાંઓમાં ભાગ લીધો છે.ભારતે કંબોડિયા,યુગોસ્લાવિયા,રૂવાંડા,હૈતિ વગેરે દેશોમાં યુનોના શાંતિ જાળવવાના પગલાંમાં ભાગ લીધો છે.આથી અહિ પ્રશ્ન ઉપસ્થિત થાય કે ભારતે શાંતિ જાળવવાના પગલાંમાં શા માટે ભાગ લીધો ? ભારતને લાગ્યું હશે કે શાંતિ જાળવવાના પગલાંમાં ભાગ લેવાથી સૈનિકોને કેળવણી મળે,જુદા જુદા શસ્ત્રો મળે છે.ભારતને પ્રતિષ્ઠા મળે છે.તેમજ સલામતી સમિતિમાં પોતાની કાયમી સભ્યપદની માંગણી મજબૂત બને છે.

અંતમાં કહી શકાય કે ભારતે પહેલેથી જ યુનોને પોતાનું સમર્થન જાહેર કર્યુ છે.ભારત યુનોના ખતપત્રમાં વિશ્વાસ ધરાવે છે.ભારત હમેંશા વિશ્વ શાંતિ સ્થાપવા અને જાળવવામાં માને છે અને તેનું પ્રતિબિંબ ભારતની વિદેશનીતિમાં ઝીલાય છે.યુનોને ભારતે આપેલા સમર્થનમાં સાતત્ય જોવા મળે છે.જો કે ભારતને પણ પોતાના રાષ્ટ્રીય હિતો હોય તે સ્વાભાવિક છે.આથી યુનોના દરેક લશ્કરી પગલાંને ટેકો ન પણ આપે તે સમજી શકાય તેમ છે.તેમજ કેટલાક કિસ્સાઓમાં આવું બન્યું પણ છે તે વાતનો આપણે સ્વીકાર કરવો રહ્યો.

સંદર્ભ:

(૧) કોઠારી રજની,ભારતનું રાજકારણ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(૨) પટેલ મંગુભાઇ રા.,આંતરરાષ્ટ્રીય સંબંધો,ભાગ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(૩) પંડ્યા હસમુખ, જ., વિશ્વરાજકારણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(૪) રાવલ આર.એલ.,આંતરરાષ્ટ્રીય સંબંધો,ભાગ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(૫) શુકલ,દિનેશ મૂ.,ભારતીય રાજકારણની રુપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(૬) Indian Army United Nations peacekeeping missions, https://en.wikipedia.org/wiki/Indian_Army_United_Nations_peacekeeping_missions, Retrieved 20-02-2018

(૭) The Security Council, United Nations, http://www.un.org/en/sc/Retrieved 21-02-2018